અમદાવાદ ગ્રામ્યના મે.૧૧ માં જ્યુડી મેજી. ફ.ક સાહેબની કોર્ટમાં, મું. મીરઝાપુર , અમદાવાદ

<u>ફોજદારી કેસ નંબર: ૧૧૦૪૯/૨૦૦૬</u>

<u>આંક–૯</u>

<u>ફરીયાદી :</u> શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– ઝહીરભાઈ સમસુભાઈ શેખ

<u>ગુન્હો–</u>પશુ પ્રત્યેના ઘાતકી પણાની કલમ–૧૧એલ.(ડી) (ઈ) (એફ)

–: ચુકાદો:–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે પશુ ઘાતકી કલમ:૧૧ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ફરીયાદ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આજરોજ ના. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે. સીટીંગ રાખેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત અપવાની ખાત્રી કરેલ છે. આરોપીને ગુના કબુલાત અંગે પુછતાં તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુનાની કબુલાત પુરસીસ લીધી તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે. તેઓનો આ પ્રથમ ગુનો છે. અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે. અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરું છું.

દરેક આરોપીને ક્રિ.પ્રો.કો. કલમ–૨૫૨ અન્વયે પશુ ઘાતકી કલમ–૧૧ ૧–ડી.ઈ.એફ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૨૦૦/– અંકે રૂપિયા બસો પૂરા નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૯–મી માહે માર્ચ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ: ૯–૩–૨૦૧૯

અમદાવાદ

૧૦માં એડી.જયુડી.મેજી. ફ.ક.
અમદાવાદ (રૂરલ), મિરઝાપુર